


**બનાસડેરી ખાતે ટેન્કરચાલકો સાથે અધિકારીઓએ ઉધ્ધતાઈથી વર્તન કરતા હડતાલ પાડી**

બનાસડેરી ખાતે દૂધના ટેન્કરો લઈને આવતા ટેન્કરચાલકોને પડતી મુશ્કેલીઓ અંગે અનેકવાર અધિકારીઓને જાણ કરવામાં આવી હતી. પરંતુ ટેન્કર ચાલકોની મુશ્કેલીના નિવારણ અંગે કોઈ પ્રયાસો હાથ ધર્યા નહોતા. અને ઉપરાંત અધિકારીઓએ ચાલકો જોડે ઉધ્ધતાઈભર્યુ વર્તન કરતા ત્રણસો ટેન્કરચાલકોએ અચાનક હડતાલ પાડતા ડેરીમાં ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા. હડતાલની જાણ ડેરીના ઉચ્ચ અધિકારીઓને થતાં તાત્કાલિક નીચે દોડી આવ્યા હતા. ટેન્કરચાલકોના પ્રશ્નોનું નિવારણ લાવી હડતાલ સમાપન કરવાના પ્રયત્નો હાથ ધર્યા હતા. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

# સાબરકાંઠામાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર કોંગ્રેસના પાંચ કાર્યકરો સામે શિક્ષાત્મક પગલા લેવાયા

## ૩ હોદ્દેદારોને હોદ્દા પરથી દૂર કરાયા, બે કાર્યકરોની ૬ વર્ષ માટે પક્ષમાંથી હકાલ પટ્ટી

હિંમતનગર, તા.૨૪

સાબરકાંઠા જિલ્લામાં વિધાનસભાની ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર કોંગ્રેસના ૩ હોદ્દેદારોને હોદ્દા પરથી દૂર કરવામાં આવ્યા છે જયારે બે કાર્યકરોને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવતા કોંગ્રેસ કાર્યકરોમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત વિધાનસભાની ચૂંટણીમાં સમગ્ર ગુજરાતમાં ભાજપનો જવલંત વિજય થયો હતો તેનાથી ઉલટુ સાબરકાંઠા જિલ્લામાં ભાજપનો સફાયો થવા પામ્યો હતો. વિધાનસભાની સાત સીટો પૈકી ૬ સીટો ઉપર કોંગ્રેસના ઉમેદવારે ભારે સરસાઈથી વિજય મેળવી ભાજપને પછડાટ આપી હતી. વિધાનસભાની ચૂંટણી દરમિયાન પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો અને કાર્યકરો સામે પ્રદેશ કોંગ્રેસ સમિતિએ લાલ આંખ કરી તેમની સામે શિક્ષાત્મક પગલા લીધા છે જેને કાર્યકરોએ આવકાર્યા છે.

વિધાનસભાની ચૂંટણીમાં પોતાનું ધાર્યુ ન થતા પોતાના અંગત હિત અને સ્વાર્થ ખાતર કોંગ્રેસના કેટલાક હોદ્દેદારો અને કાર્યકરોએ ચૂંટણી દરમિયાન કોંગ્રેસના ઉમેદવારોને હરાવવા માટે પેંતરો રચી પક્ષ વિરૂધ્ધ પ્રવૃત્તિ કર્યાનું બહાર આવતા સાબરકાંઠા જિલ્લા સમિતિના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ અને હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ચંદ્રસિંહ ઝાલાએ પ્રદેશ મોવડી મંડળ સમક્ષ પગલા લેવા રજૂઆત કરી હતી. જે રજૂઆત અંગે શિસ્ત સમિતિએ ચકાસણી કરી પક્ષ વિરુધ્ધ પ્રવૃત્તિ કરનાર હોદ્દેદારો અને કાર્યકરો સામે પગલા લેવા પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડિયાએ પગલા ભરી હિંમતનગરના રણજીતસિંહ સોલંકી અને ઈડરના નવટરભાઈ સોલંકીને પક્ષમાંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જયારે હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ છત્રસિંહ ઝાલા, જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી સહદેવસિંહ ચંપાવત અને તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ નરેન્દ્રસિંહ રહેવરને પોતાના હોદ્દા ઉપરથી દૂર કરાયા હતા. પાંચ પૈકી ૩ હોદ્દેદારોને હોદ્દા પરથી દૂર કરાયા છે અને બે ને ૬ વર્ષ માટે પક્ષમાંથી હકાલપટ્ટી કરવાનો નિર્ણય લેતા કોંગ્રેસના નિષ્ઠાવાન કાર્યકરોએ પાર્ટીના આ નિર્ણયને આવકાર્યો છે.

## ખેડબ્રહ્મામાં રીક્ષા એસોસીએશન દ્વારા પ્રાર્થના સભા યોજાઈ

ખેડબ્રહ્મા ખાતે સોમવારે સવારે ખેડબ્રહ્મા રીક્ષા એસોસીએશન દ્વારા ઉત્તરાખંડમાં પૂર પ્રકોપમાં માર્યા ગયેલા શ્રદ્ધાળુઓની આત્માની શાંતિ માટે પ્રાર્થના સભા રાખવામાં આવી હતી. જેમાં ખેડબ્રહ્મા રીક્ષા એસોસીએશનના પ્રમુખ પોપટભાઈ સોલંકી, ઉપપ્રમુખ અમૃતભાઈ ડાભી, મંત્રી નસરૂદ્દિન નાગોરી, કોષાધ્યક્ષ નારાયણભાઈ પ્રજાપતિ સહિત ૧૦૦ જેટલા રીક્ષા ડ્રાઈવરો ઉપસ્થિત રહ્યા હતા. આ ડ્રાઈવરોએ રૂ. ૫૧૦૦ જેટલું ફંડ એકત્રીત કરી ઉત્તરાખંડ સહાય ફંડમાં મોકલવામાં આવશે.



**પાલનપુર પોલીસ દ્વારા મહિલા અત્યાચાર નિવારણ સેમીનાર યોજાયો**

પાલનપુર હેડક્વાર્ટર ખાતે આવેલા ટ્રેનીંગ કેન્દ્રમાં બનાસકાંઠા જિલ્લા પોલીસવડાના અધ્યક્ષ સ્થાને મહિલા અત્યાચાર નિવારણ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમીનારમાં મહિલાઓ પર થતાં અત્યાચારોની સમીક્ષા કરવામાં આવી હતી. તેમજ અત્યાચારો રોકવા અંગેના પ્રયાસો હાથ ધરવાની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા પોલીસ વડા અશોકકુમાર યાદવ, બનાસકાંઠાના સાંસદ હરિભાઈ ચૌધરી, ગુજરાત મહિલા અધ્યક્ષ લીલાબેન અંકોલીયા, પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલ, પૂર્વ પાલિકા પ્રમુખ હર્ષાબેન મહેશ્વરી, સહિત મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહી હતી. (હરેશ જી. જોષી, પાલનપુર)

# હિંમતનગરમાં ૧૦૮ના કર્મચારીઓએ વિવિધ માંગણીઓ સાથે આવેદન પત્ર આપ્યુ

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના ૧૦૮ના કર્મચારીઓએ વિવિધ માંગણીઓને લઈને સોમવારે અધિક કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું. આજે હિંમતનગરના સિવિલ સર્કલથી જિલ્લાના ૧૦૮ના કર્મચારીઓએ વિવિધ બેનરો સાથે મુક રેલી સ્વરૂપે નીકળી હતી અને જિલ્લા સેવા સદને પહોંચીને અધિક કલેક્ટર પી.કે. બારહતને ગુજરાત ૧૦૮ કર્મચારી યુનિયન મંડળના નેજા હેઠળ આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ અંગે ૧૦૮ ઈએમઆરઆઈ કર્મચારીના સભ્ય ૧૦૮ના પાયલોટ કનુભાઈ ભાવસારે જણાવેલ કે ૧૦૮ના મેનેજમેન્ટ દ્વારા લોકોની જિંદગી બચાવવાને બદલે સ્પીડ કંટ્રોલ કરીને ડીઝલ બચાવવા માટેનું દબાણ કરવામાં આવે છે. ઉપરાંત કર્મચારીઓને ખોટી રીતે ચીતરીને પનીશમેન્ટ કરવામાંઆવેછેઅનેઓછા પગારે કર્મચારીઓની આડેધડ બદલીઓ પણ કરવામાં આવે છે અને સાથે સસ્પેન્ડ કરી દેવાનો સિલસિલો પૂરેપૂરી પેરવી રીતે ચલાવવામાં આવી રહ્યો છે. અને આટલી કારમી મોંઘવારીમાંસામાન્યપગારમાંઈએમતી પાયલોટ ખડેપગે જાહેર જનતાના જીવ બચાવવા ઉભા રહેતા હોય છે. જેથી ૧૦૮ના કર્મચારીઓનેસરકારી કરોતેવી વાત પણ કરી હતી.

# માલણ ગામના યુવાને ઝેરી દવા ગટગટાવી મોતને વ્હાલું કર્યુ

પાલનપુર, તા. ૨૪

પાલનપુર તાલુકાના માલણ ગામે આવેલ વિરમહારાજના મંદરની સામે મહેન્દ્રભાઈ દલાભાઈ ચમાર (ઉ.વ.૩૫)એ ગત રોજ અગમ્ય કારણોસર ઝેરી દવા પી આત્મહત્યા કરી નાખતા ભારે ચકચાર મચી જવા પામી હતી. પાલનપુર તાલુકા પોલીસે પ્રાથમિક તપાસમાં આત્મહત્યા કરી હોવાનું જણાઈ આવતા મૃતદેહનું પંચનામું કર્યા બાદ તેને પી.એમ. અર્થે મોકલી આપ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# એચબીકે સ્કુલમાં ફી વધારા મામલે વાલીઓનો હોબાળો

અમદાવાદ, તા. ૨૪

અમદાવાદની ખ્યાતનામ એચબીકે સ્કુલમાં અચાનક ફી તેમજ અન્ય એક્ટિવીટી ફીમાં વધારો કરતા વાલીઓ અને વિદ્યાર્થીઓ પરેશાન થઈ ગયા હતા. જેના વિરોધમાં વાલીઓદ્વારા આજે એચબીકે સ્કુલ ખાતે હોબાળો કરી દેખાવો કર્યો હતો. વાલીઓ દ્વારા આ ફી વધારા અંગે તાત્કાલીક નિર્ણય લેવા માટે આગામી ૨૭ જૂને એક મિટીંગનું આયોજન કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદની ખ્યાતનામ એચબી કાપડીયા સ્કુલમાં નવા સત્રની શરૂઆતમાં જ અચાનક સ્કુલ ફી અને એક્ટિવીટી ફીમાં વધારો કરાતા વાલીઓ અને વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. જેના કારણે ફી વધારા પાછો ખેચવાની માંગ સાથે આજે વાલીઓદ્વારા એચબી કાપડીયા સ્કુલ ખાતે ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા. સ્કુલના સ્ટાફ દ્વારા તેમને રોકવા જતા મામલો વિચક્યો હતો અને સ્કુલ કેમ્પસમાં હોબાળો મચી જવા પામ્યો હતો. જો કે પાછળથી સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો.

સ્કુલનું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ગયું હોવાથી ફી વધારા મુદ્દે તત્કાલીક નિર્ણય લેવા માટે વાલીઓ દ્વારા ૨૭મી જૂને મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ મીટીંગમાં સ્કુલ ફીમાં વધારો, સ્માર્ટ બોય, એસએમએસ, ન્યુઝ પેપર, ચોપડીયો તેમજ ચોપડીઓના નામે લેવાતા ચાર્જસ, ફોટો, પીકનીક, ગ્રુપ ફોટો, વાર્ષિક સંમેલન જેવા વ્યક્તિગત ખર્ચા અંગે ચર્ચા કરવામાં આવશે તેમજ પ્રાયમરી અને સેકેન્ડરીની ફીમાં નજીવો તફાવત, એક વર્ગમાં ૬૦ કરતા વધુ વિદ્યાર્થીઓ બેસાડવા અને ફીની રસીદમાં આ તમામ ફીનો ઉલ્લેખ ન કરવો વગેરે બાબતે ચર્ચા કરવામાં આવશે. આ અંગે વાલી મંડળના આગેવાન જ્યોતિ પટેલે જણાવ્યું હતું કે શાળાએ અચાનક ફી વધારો અને અવનવા બહાને ઉઘરાવવામાં આવતા અલગ અલગ ચાર્જના પગલે વાલીઓ ઉપર મોટો આર્થિક બોજો પડી રહ્યો છે. જેના કારણે આ ફી વધારો પાછો ખેટવા માટે ૨૬મી જૂને આવેદનપત્ર આપવામાં આવશે. અને આગળની રણનીતિ ૨૭ જૂને મળનારી વાલીઓની મીટીંગમાં હાથ ધરવામાં આવશે. તેમણે વધમાં જણાવ્યું હતું કે જો સ્કુલ દ્વારા ફી વધારો પાછો ખેચવામાં નહી આવે તો આગામી સમયમાં ઉગ્ર દેખાવો કરવામાં આવશે.



ભિલોડા તાલુકા પંચાયત કચેરીના ઈ.ચા.નિવૃત ટી.ડી.ઓ.નો સન્માન સમારંભ યોજાયો.ભિલોડા તાલુકા પંચાયત કચેરીના ઈ.ચા.નિવૃત ટી.ડી.ઓ. મોહનલાલ શંકરલાલ પંચાલનું જીવન સુખમય રહે,દીર્ધાયુ જીવન આનંદમય નિવડે તેવી અભિલાશાઓ વ્યક્ત કરી સન્માનપત્ર અર્પણ કરાયું હતું.ધી ભિલોડા તાલુકા પ્રાથમીક શિક્ષક ધીરાણ એન્ડ ગ્રાહક સહકારી મંડળી લીમીટેડ,ભિલોડા તાલુકા પ્રાથમીક શિક્ષક સંઘના હોદ્દેદારો અને અગ્રણીઓ ધ્વારા ભિલોડા તાલુકા પંચાયત કેચરીના ઈ.ચા.નિવૃત ટી.ડી.ઓ.નો સન્માન સમારંભ તા.૨૩/૬/૨૦૧૩ ને રવીવારના રોજ યોજાયો હતો.આ પ્રસંગે ભિલોડા તાલુકા પંચાયત કચેરી કેળવણી નિરીક્ષક શંભુભાઈ પટેલ,ભિલોડા તાલુકા બી.આર.સી.કચરાભાઈ પટેલ,ધી ભિલોડા તાલુકા પ્રાથમીક શિક્ષક ધીરાણ એન્ડ ગ્રાહક સહકારી મંડળી લીમીટેડ ચેરમેન પ્રવિણભાઈ પટેલ,ધનજીભાઈ નિનામા, રામજીભાઈ પરમાર,કાંતીલાલ પટેલ,ભિલોડા તાલુકા પ્રાથમીક શિક્ષક સંઘ પ્રમુખ અમરતભાઈ હોથા તેમજ ભિલોડા તાલુકાની પ્રાથમીક શાળાઓના શિક્ષકો ભાઈઓ-બહેનો,અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**તલોદ**

| | | |
|---|---|---|
| મગ | ૭૫૦ | ૧૦૫૦ |
| મગફળી | ૬૫૦ | ૮૯૩ |
| એરંડા | ૬૯૮ | ૭૧૦ |
| ઘઉં | ૩૦૭ | ૩૫૦ |
| બાજરી | ૧૦૬ | ૨૯૬ |
| ગવાર | ૬૫૧ | ૧૫૧૦ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૫૦ | ૯૦૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૫ |
| ડાંગર જયા | ૩૦૦ | ૩૧૫ |
| ડાંગર ગુજ | ૩૩૦ | ૩૫૦ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૧ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૭૦ |
| બાજરી | ૨૦૦ | ૨૮૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૫૧૫ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉંલોકવાન | ૩૦૨ | ૩૩૦ |
| ઘઉં૪૯૬ | ૩૧૦ | ૩૭૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૭ |
| એરંડા | ૬૯૫ | ૭૦૦ |
| મગફળી | ૬૮૦ | ૭૯૦ |
| મગ | ૪૫૦ | ૧૦૫૫ |
| બાજરી | ૨૬૦ | ૨૭૨ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| જુવાર | ૩૭૫ | ૪૧૧ |
| બાજરી | ૨૦૦ | ૩૦૫ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૫ |
| ઘઉં | ૩૦૦ | ૩૬૫ |
| મગફળી | ૭૧૦ | ૯૧૨ |
| ગવાર | ૬૦૦ | ૧૫૪૧ |
| મગ | ૯૫૦ | ૧૦૦૫ |
| ચણા | ૫૫૦ | ૭૬૧ |
| સોયા | ૭૦૦ | ૭૭૬ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૭૫ | ૬૯૦ |
| બાજરી | ૨૬૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| મગફળી | ૭૦૦ | ૮૭૦ |
| ગવાર | ૧૩૫૦ | ૧૫૦૦ |
| મગ | ૯૫૦ | ૧૨૧૧ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૧ | ૨૯૮ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૭ |
| ડાંગર | ૨૮૦ | ૩૦૫ |
| એરંડા | ૭૦૧ | ૭૦૭ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૨૫ |
| મકાઈ | ૨૪૦ | ૩૦૦ |
| તુવેર | ૫૩૫ | ૬૬૫ |
| જુવાર | ૩૬૧ | ૩૮૬ |
| રાયડો | ૫૫૦ | ૬૦૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૨૦ | ૨૯૬ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |
| ડાંગર | ૨૭૦ | ૩૦૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૫ |
| ગવાર | ૧૩૨૫ | ૧૪૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૨૮૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૦ |
| જુવાર | ૩૫૦ | ૩૮૦ |
| રાયડો | ૫૨૫ | ૫૫૦ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૬૦ |
| મકાઈ | ૨૭૦ | ૨૮૫ |
| એરંડા | ૬૮૦ | ૭૦૦ |
| બાજરી | ૨૬૦ | ૨૭૫ |
| મગફળી | ૬૫૦ | ૯૫૬ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૫૧ |
| મગ | ૯૫૦ | ૯૯૫ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૪૫૧ |
| જુવાર | ૩૦૦ | ૩૯૧ |
| ડાંગર | ૨૬૦ | ૩૮૫ |
| બાજરી | ૨૬૦ | ૨૮૮ |
| ગવાર | ૧૨૦૦ | ૧૫૧૯ |
| એરંડા | ૬૮૫ | ૬૯૩ |
| રાયડો | ૫૯૬ | ૬૦૧ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૯૦ |
| બાજરી | ૧૯૦ | ૨૯૫ |
| એરંડા | ૬૮૧ | ૭૦૫ |
| રાયડો | ૬૧૦ | ૬૨૫ |
| રાજગરો | ૯૬૧ | ૧૦૬૮ |
| જુવાર | ૫૯૧ | ૬૦૫ |
| મગફળી | ૭૧૧ | ૯૫૮ |
| ગવાર | ૯૦૧ | ૧૪૮૫ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| રાજગરો | ૧૦૨૫ | - |
| વરીયાળી | ૬૫૦ | - |

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૧ | ૬૮૭ |
| એરંડા | ૬૬૩ | ૭૧૪ |
| ગવાર | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ઘઉં | ૨૮૩ | ૩૮૮ |
| બાજરી | ૨૦૧ | ૩૧૨ |
| જુવાર | ૨૪૨ | ૬૨૮ |
| જીરૂ | ૧૮૦૦ | - |
| સવા | ૬૪૪ | - |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૯૭ |
| બાજરી | ૨૦૦ | ૩૧૯ |
| રાયડો | ૫૮૦ | ૩૩૮ |
| એરંડા | ૬૭૫ | ૭૧૯ |
| કપાસ | ૭૮૦ | ૯૮૩ |
| જુવાર | ૨૯૫ | ૫૬૩ |
| તલ | ૧૯૬૫ | - |
| જવ | ૨૬૦ | - |
| મેથી | ૫૪૧ | - |
| ગવાર | ૮૦૦ | ૧૫૩૧ |
| રજકાના બી | ૧૧૦૦ | ૧૫૦૦ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| જવ | ૨૩૧ | ૨૭૬ |
| જુવાર | ૩૭૬ | ૫૧૫ |
| ઘઉં | ૨૯૫ | ૩૭૫ |
| જીરૂ | ૧૮૫૦ | ૨૪૬૯ |
| રાયડો | ૫૪૦ | ૬૨૧ |
| મેથી | ૪૨૧ | ૫૧૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૨૮૬ |
| બાજરી | ૨૩૦ | ૨૯૪ |
| એરંડા | ૬૮૫ | ૭૧૧ |
| અજમો | ૭૬૬ | ૧૧૪૧ |
| ગવાર | ૬૦૦ | ૧૪૮૧ |
| બંટી | ૩૮૪ | - |
| રજકાળી | ૧૫૧૦ | ૨૮૫૨ |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૯ | ૩૬૦ |
| બાજરી | ૨૦૦ | ૨૯૫ |
| રાયડો | ૬૧૩ | - |
| એરંડા | ૬૭૭ | ૬૮૯ |
| ગવાર | ૧૧૭૫ | ૧૪૯૫ |

**જોટાણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૩૮ | ૩૬૧ |
| એરંડા | ૬૭૫ | ૬૯૫ |
| રાયડો | ૫૫૦ | ૧૪૯૧ |
| બાજરી | ૨૩૬ | ૨૬૫ |

**હારીજ**

| | | |
|---|---|---|
| રાયડો | ૫૮૦ | ૬૨૦ |
| એરંડા | ૬૬૦ | ૬૯૫ |
| સાસટો | ૩૦૦ | ૪૨૨ |
| બાજરી | ૨૪૦ | ૨૮૦ |
| ઘઉં | ૨૯૦ | ૪૧૧ |
| ગવાર | ૧૦૦૦ | ૧૬૦૧ |
| અડદ | ૫૦૦ | ૭૫૫ |
| ચણા | ૫૫૦ | ૫૯૧ |
| જીરૂ | ૨૩૦૧ | ૨૬૦૧ |
| સવા | ૬૦૦ | ૭૦૦ |
| મેથી | ૫૦૦ | ૫૨૫ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૫૨ |
| એરંડા | ૬૯૦ | ૬૯૮ |
| બાજરી | ૨૪૫ | ૨૯૮ |
| રાયડો | ૬૦૧ | ૬૦૭ |
| ડાંગર | ૨૫૦ | ૩૬૦ |
| ગવાર | ૧૪૨૦ | ૧૫૪૦ |
| જુવાર | ૩૦૦ | ૫૨૧ |
| જવ | ૨૨૫ | ૨૫૨ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૮૦ |
| બાજરી | ૨૬૦ | ૨૮૦ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૦ |
| ગવાર | ૧૧૦૦ | ૧૪૦૦ |

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૦૦ | ૨૪૦૧ |
| વરીયાળી | ૮૦૦ | ૧૪૯૦ |
| મેથી | ૪૭૫ | ૫૩૫ |
| રાયડો | ૫૫૦ | ૬૫૧ |
| એરંડા | ૬૬૦ | ૭૧૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૫૨૦ |
| ઘઉં | ૨૯૭ | ૫૦૦ |
| જુવાર | ૩૦૦ | ૫૫૧ |
| બાજરી | ૨૪૦ | ૩૧૮ |
| બંટી | ૪૦૧ | ૪૦૯ |

**ઉંઝા**

| | | |
|---|---|---|
| અસાળીયો | ૭૩૧ | - |
| જીરૂ | ૧૮૨૫ | ૨૮૨૧ |
| વરીયાળી | ૯૫૦ | ૨૧૯૬ |
| ઈસબગુલ | ૧૨૩૫ | ૧૫૨૧ |
| સરસવ | ૫૮૫ | ૬૫૦ |
| રાયડો | ૬૦૫ | ૬૫૦ |
| મેથી | ૫૭૦ | - |
| તલ | ૧૮૦૦ | ૨૧૭૧ |
| સવા | ૬૧૧ | ૭૧૧ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પ્લેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧